# લઘુ સાધુવંદણા

સાધુજીને વંદણા નિત નિત કીજે, પ્રહ ઉગમતે સૂર રે પ્રાણી
નીચ ગતિમાં તે ન'વિ જાવે, પામે રિદ્ધિ ભરપૂર રે પ્રાણી (૧)

મોટા તે પંચ મહાવ્રત પાળે, છકાયના પ્રતિપાલ રે પ્રાણી
ભ્રમર ભિક્ષા મુનિ સુઝતી લેવે, દોષ બેંતાલીસ ટાળ રે પ્રાણી (૨)

રિદ્ધિ સંપદા મુનિ કારમી જાણી, દીધી સંસારને પૂંઠ રે પ્રાણી
એ રે પુરુષોની બંદગી કરતાં, આઠે કરમ જાય તૂટ રે પ્રાણી (૩)

એક એક મુનિવર રસના ત્યાગી, એક એક જ્ઞાન ભંડાર રે પ્રાણી
એક એક મુનિવર વૈયાવચ્ચ વૈરાગી, એના ગુણનો ના'વે પાર રે પ્રાણી (૪)

ગુણ સત્તાવીસ કરીને દીપે સાધુજી, જીત્યા પરિષહ બાવીસ રે પ્રાણી
બાવન તો અનાચાર જ ટાળે, તેને નમાવું મારું શીશ રે પ્રાણી (૫)

જહાજ સમાન તે સંત મુનીશ્વર, ભવ્ય જીવ બેસે આય રે પ્રાણી
પર ઉપકારી મુનિ દામ ન માંગે, દેવે તે મુક્તિ પહોંચાય રે પ્રાણી (૬)

એ ચરણે પ્રાણી સાતા રે પાવે, પાવે તે લીલ વિલાસ રે પ્રાણી
જન્મ, જરા ને મરણ મિટાવે, ના'વે ફરી ગર્ભાવાસ રે પ્રાણી (૭)

એક વચન એ સદ્‌ગુરુ કેરું, જો બેસે દિલમાંય રે પ્રાણી
નરક ગતિમાં તે નહિ જાવે, એમ કહે જિનરાય રે પ્રાણી (૮)

પ્રભાતે ઊઠીને ઉત્તમ પ્રાણી, સુણો સાધુનાં વ્યાખ્યાન રે પ્રાણી
એ રે પુરુષોની સેવા કરતાં, પાવે તે અમર વિમાન રે પ્રાણી (૯)

સંવત અઢાર ને વર્ષ આડત્રીસે, 'બુસી' તે ગામ ચોમાસ રે પ્રાણી
**'મુનિ આસકરણજી'** એણી પેરે જંપે, હું તો ઉત્તમ સાધુનો દાસ રે પ્રાણી (૧૦)